Permitted to Post at PSO-AHD : On every Tuesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012

છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન

## THE ECONOMIC REVOLUTION

**સ્ટોક માર્કેટ**
અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

**Everythings that's on Money !!!**

● વર્ષ : ૭ ● અંક : ૨૬ ● તા. ૨૨.૦૬.૨૦૧૦ થી ૨૮.૦૬.૨૦૧૦ ● જેઠ સુદ ૧૧ થી જેઠ વદ ૦૨ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# બજારોનો દોર ફરી અંબાણી બંધુઓના હાથમાં ? વૈશ્વિક પરિબળો બેકસીટ પર

**શેરબજારની સમીક્ષા**



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮

મિત્રો નમસ્કાર,

વિતેલા સપ્તાહ દરમ્યાન બજારોમાં તેજીનું માનસ જળવાઈ રહ્યું હતું. બીએસઈનો સેન્સેક્સ ૧૭૫૭૦.૮૨ ૫૨ અને એનએસઈનો નિફ્ટી આંક ૫૨૬૨.૬૦ ૫૨ અનુક્રમે ૩ અને ૨.૮૦ ટકા વધીને બંધ રહ્યા હતા. વધવા વાળા શેરોમાં અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપના લગભગ બધા જ શેરોમાં સપ્તાહ દરમ્યાન ૭-૮ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. અન્ય ફ્રન્ટલાઈન ના વધવાવાળા શેરોમાં ડીએલએફ, આઈટીસી, ટાટા મોટર, અને સ્ટરલાઈટ ઈન્ડસ્ટ્રીઝ ૪-૫ ટકા વધ્યા હતા. આઈટી સેક્ટરના મુખ્ય શેરો ઈન્ફોસીસ, વીપ્રો, એચસીએલ ટેકનો.માં પણ ૪-૬ ટકા આસપાસ વધારો જોવા મળ્યો હતો.

મુકેશ અંબાણીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રા.માં ૩૦ ટકા તો અનિલ અંબાણી જૂથની રિલાયન્સ નેચરલ રિસોર્સમાં ૨૦ ટકાનો જંગી ઉછાળો જોવા મળ્યો હતો. જયારે બજારના વર્તુળો મુજબ આગામી સપ્તાહ રિલાયન્સ પાવરના શેરમાં તેજીનો પવન ફુંકાવાની વકી છે.

બીએસઈનો કેપીટલર ગુડઝ ઈન્ડેક્ષ ૭.૫ ટકા વધ્યો હતો. જેમાં એલ એન્ડ ટીના શેરમાં રોજ નવા વાર્ષિક ઉંચા ભાવો મળી રહ્યા હતા. જેપી એસો., સુઝલોન પણ ૫ ટકા વધ્યા હતા.

> **કોર્પોરેટ વિશ્વની અદ્દભૂત આકાર લઈ રહેલી ઘટનામાં એક બ્રાન્ડ નામ સાથે બે જૂથ બનીને ઉદ્યોગ જગતને જીતી લેવાનો સફળ દાવ**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને અનિલ અંબાણી ગ્રુપ વચ્ચેના ગેસ અંગેના વિખવાદનો ચુકાદો ૬ મે એ આવ્યો હતો. આ ચુકાદા બાદ અને તેના પછી બંને રિલાયન્સ ગ્રુપ વચ્ચે અગાઉ રિલાયન્સ ગ્રુપના ડીમર્જર સમયે થયેલા નોન-કોમ્પિટ કરારો ને રદ બાતલ કરવાના સમાચાર બાદ ભારતીય બજારોનું બધુ ફોકસ યુરોપ સંકટને પગલે ઊભી થયેલી વૈશ્વિક સમસ્યાઓ અને ફુગાવાનો દર કે રિઝર્વ બેંકની ચુસ્ત નીતી નાણાનીતિ તરફ થઈ હતી ને હમણાં તો આ તરફ મંડાયું છે.

ગયા સપ્તાહના રિલાયન્સ ગ્રુપ અંગેનો લેખ વિશે વાંચકોનો અદ્દ્ભૂત પ્રતિસાદ મળવા પામ્યો છે. તે બદલ વાંચકોનો આભાર માનું છું.

આ દરમ્યાન રિલા. ઈન્ડ.ની એજીએમ પણ થઈ ગઈ. તેમાં મુકેશ અંબાણી દ્વારા ન્યુક્લિયર, હાઈડ્રો, સોલાર પાવર સહિત સંપૂર્ણ પાવર ક્ષેત્રની વેલ્યુ-ચેનમાં મોટા પાયે જંપલાવવાની જાહેરાત કરી હતી. ઉપરાંત બજારોમાં રિલા. ઈન્ડ. દ્વારા રિલા. કોમ્યુનિકેશનમાં હિસ્સો ખરીદવાની અટકળોએ જોર પકડ્યું હતું. વિવિધ ટીવી ચેનલ્સ માં બંને અંબાણી બંધુઓ સાથે મળી ગયા છે અને બધા જ મતભેદો હવે દૂર થઈ ગયા છે વિગેરે સમાચારો અને શો પ્રદર્શિત કરવાનું શરુ કરી દીધું હતું. સાથે સાથે એજીએમમાં મુકેશ અંબાણીના અડગ ગ્રુપને ગેસ પુરો પાડવાનો ઉલ્લેખ પણ કર્યો હતો.

> **ગત સપ્તાહના રિલાયન્સ ગ્રુપ અંગેના આર્ટીકલ માટે પ્રતિસાદ આપવા બદલ ઈકોનોમિક રેવલ્યૂશનના વાંચકોનો આભાર**

ગત સપ્તાહના લેખમાં આપણે રિલાયન્સને રિમર્જર થશે તેવો મુદ્દો ઉઠાવ્યો હતો. મિત્રો સીધે સીધું રિ મર્જર શક્ય નથી અને જરુરી પણ નથી. રિમર્જર કરવા માટે ડીમર્જર નહોતું કર્યું. વિવિધ ઉદ્યોગ ક્ષેત્રોમાં બહોળા પાયે પગપેસારો કરવા અને આધિપત્ય જમાવવા માટે ડીમર્જર કરવામાં આવ્યું હતું અને એક રિલાયન્સ કરતા બે ભલા તે માટે ડીમર્જર કરવામાં આવ્યું હતું તેવું જણાય છે. પરંતુ સાથે સાથે હવે રિમર્જરનું આ નવું સ્વરુપ આપને જોવા મળશે. તેમાં નોન-કોમ્પિટ એગ્રિમેન્ટની નાબૂદી દ્વારા બંને રિલાન્સ ગ્રુપ (૧) એક બીજાના વેન્ચર્સમાં હિસ્સો ખરીદશે. (૨) સાથે મળીને વિવિધ સેક્ટરમાં સ્પર્ધકોને હંફાવશે (૩) અલગ અલગ બે રિલાયન્સ દ્વારા પણ જે તે સેક્ટરમાં સ્પર્ધકોને હંફાવશે (૪) બંને રિલાયન્સ ગ્રુપને શેરહોલ્ડરનું અને બ્રાન્ડનું ધ્યાન રાખવામાં આવશે. કારણ કે બંને રિલાયન્સ બ્રાન્ડ આખરે ધીરુભાઈને આગળ ધરે છે અને એક રિલાયન્સ બ્રાન્ડ નીચે પડે તો બીજી ઊંચે ચડે તેમ બને તે ઈમ્પ્રેકટીકેબલ છે.

**ટેકનીકલ સ્ટોક ભલામણ ટ્રેડીંગ માટે**

આગામી સપ્તાહ દરમ્યાન ટ્રેડરોએ નીચેના શેરોમાં ધ્યાન રાખવું. ઘટાડે લેણ કરીને વેપાર કરવો.

**આઈઆરબી ઈન્ફ્રા., અશોક લેલેન્ડ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એલઆઈસી હાઉસિંગ, લેંકો ઈન્ફ્રા., આઈવીઆરસીએલ ઈન્ફ્રા., નાગાર્જુન કન્સ્ટ્રક્શન,**

> **પેઈન્ટ અને કેમિકલ ઉત્પાદ ક્ષેત્રની એકઝોનોબલ ઈન્ડિયા લી. માં રોકાણ ફાયદો કરાવશે**

**ફંડામેન્ટલ સ્ટોક ભલામણ :**

પેઈન્ટ ઈન્ડસ્ટ્રીઝ અને એકઝોનોબેલ ઈન્ડિયા લિ.

સ્થળ સંકોચને કારણે વિસ્તૃત રિપોર્ટ નથી સમાવી શકાયો. પરંતુ આગામી સપ્તાહે આપીશું.

ચાલુભાવથી ૨૦-૪૦ ટકાનું વળતર આગામી છ મહિનામાં મળી રહેશે.

# આરબીઆઈનાં પગલાં, ચોમાસુ, ડીટીસી, એફ આઈ આઈનો નાણાકીય પ્રવાહ અને વૈશ્વિક દોરવણી એ મૂખ્ય પરિબળો

**તા. ૨૧ જુન ૨૦૧૦ થી ૨૫ જુન, ૨૦૧૦**
**આ સપ્તાહે આરબીઆઈ તરફથી લેવાનાર પગલાં, ચોમાસું, ડીટીસી, એફ આઈઆઈનો**

**બાય એન્ડ સેલ**

રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

**નાણાકીય પ્રવાહ અને વૈશ્વિક પરિબળો બજારની રૂખ નક્કી કરનાર મહત્વનાં પરિબળો રહેશે. આ સમયે પ્રોફીટ બુકીંગ અને વેચવાલીની શકયતાઓ અપેક્ષા છે.**

**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન**

આરબીઆઈ ગમે તે સમયે વ્યાજદારમાં વધારો કરે તેવી અપેક્ષા રાખવામાં આવી રહેલ છે.(જો કે મીટીંગ તો જુલાઈ માસમાં નક્કી થયેલ છે. આપણે હવે એ જોવાનું છે કે આરબીઆઈ વ્યાજ દરમાં તબક્કાવાર વધારો કરે છે કે પછી એક સાથે જ વધારો કરે છે. બીજું આપણે આરબીઆઈ દ્વારા સેવીંગ રેટના ડીરેગ્યુલેશનની પણ નોંધ લેવી જોઈએ.

ચોમાસું, કે જેનો ફૂગાવા પર મજબૂત પ્રભાવ છે, તેના તરફ ખાસ ધ્યાન આપવું, જો સારું ચોમાસું હશે તો હાલના બજારની રેલીને વધુ બળ આપશે, કારણ કે બધી જ રેટીંગ એજન્સીઓ હાલમાં ચોમાસા તરફ જ ધ્યાન રાખી રહેલ છે કારણ કે તેઓ એ જોવા માગે છે કે દર્શાવવામાં આવેલ જીડીપી ગ્રોથ શકય છે કે નહીં ?

બીજું, પ્રત્યક્ષ કર કોડ અંગે જાહેર કરવામાં આવેલી દરખાસ્ત તેની અસરો જુનના અંતમાં દર્શાવશે કે જયારે લોકસભાના ચોમાસુ સત્રમાં આ દરખાસ્ત જાય તે પહેલાં દરેક તેના ઉપર પોતાની કોમેન્ટ અને સજેશન રજૂ કરશે. (જો બધા જ ઔદ્યોગિક જૂથો દ્વારા આ દરખાસ્તનો સ્વીકાર કરવામાં આવે તો જ તે અમલમાં આવી શકશે.

આખરે , આપણાં બજારો આ રુખ તો જ જાળવી શકશે જો વૈશ્વિક બજારો તરફથી હકારાત્મક પ્રતિભાવ સાંપડે તો. એફ આઈ આઈએ જુન ૨૦૧૦માં આજની તારીખ સુધીમાં રૂ. ૨૨૦૦ કરોડનું રોકાણ કરેલ છે અને આ રેલી દરમ્યાન તે ટકી રહેનારૃછે. એફ એન્ડ ઓ એક્ષપાયરી આગળ ઉપર આવી રહેલ છે તેથી શોર્ટ કવરીંગ અને ઓળિયા સુલટાવવાનો કારણે આપણે બજારમાં ખૂબ જ ચંચળતા જોઈ શકીશું.

વૈશ્વિક સ્તરે, યુરો યુનિયને બીજું રાહત પેકેજ માન્ય કરેલ છે અને સ્પેઈન પણ બોન્ડના સફળતાપૂર્ણ પગલા દ્વારા એક રકમ ઉભી કરેલ છે જે ત્યાં ના બજારોની રેલીને પણ હાલમાં તો રાહત આપી રહેલ છે.

**સેન્સેક્ષ ૧૭૦૬૫**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૨૧.૦૬.૧૦ – ૨૫.૦૬.૧૦)**

આ સપ્તાહે ૧૭૬૩૮ અને ૧૭૫૧૧ અગત્યની સપાટીઓ તરીકે કાર્ય કરશે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ

અનુસંધાન પા.નં.૩ ઉપર

# ૨૧મી જુન થી ૨૫મી જુન સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૫૨૬૩)**
**સેન્સેક્ષ (૧૭૫૭૧)**
**તા. ૧૮.૦૬.૧૦**

અમોએ જણાવેલ કે

**બજારનો રિવ્યૂ**



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

'ટેકનીકલીબજાર મજબૂત ઉર્ધ્વગતિ દાખવેલ હતી પરંતુ હજુ પણ તે મજબૂત પ્રતિકારક સપાટી ૫૧૫૩ નીચે જ છે અને મારે કહેવું જોઈએ કે બજાર ફરી એક વાર સંઘર્ષ કરી રહેલ છે અને જયાં સુધી ૫૧૫૩ની સપાટી ન દર્શાવે ત્યાં સુધી નીચેની સપાટી દર્શાવી શકે અને ત્યાં સુધી ઉર્ધ્વગતિ ન દાખવે. આ માટે ૫૧૦૦ સપાટી ખૂબ જ અગત્યની ટેકાની સપાટી છે '

બજાર નીચી સપાટીને બદલે શોર્ટને સાણસામાં પકડાવીને ૫૧૫૩ ઉપર બ્રેકઆઉટ આપવાનું વિચારશે અને ૫૩૦૦ ની ઉંચી સપાટી દર્શાવશે અને સપ્તાહના અંતે હકારાત્મક બંધ આપશે.

હવે આપણે એફ એન્ડ ઓ એક્ષપાયરી સપ્તાહમાં આવીશું અને બજાર પણ ૫૩૦૦ ની ઉંચી સપાટી દર્શાવશે અને તેથી ઉર્ધ્વગતિ માટેનો તાર્કિક લક્ષાંક ૫૩૨૮ છે પરંતુ આ સપ્તાહે વ્યાપાર કરવા માટે ૫૩૦૦ ની સપાટી મજબૂત પ્રતિકારક સપાટી છે, સપ્તાહમાં ચંચળતા રહેશે અને મજબૂત ટેકો ૫૨૦૦ થી ૫૧૫૦ રહેશે.

નિફટી માટેનો મહત્વનો ટેકો ૫૨૦૦-૫૧૫૦ અને મજબુત પ્રતિકારક સપાટી ૫૩૨૮ છે.

સેન્સેક્ષ માટેનો ટેકો ૧૭૨૫૦-૧૭૦૦૦ અને મજબૂત પ્રતિકારક સપાટી ૧૭૭૫૧-૧૭૮૨૫ છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ ઉપરના ગાળામાં હું નફો બુક કરવાનું ચાલુ જ રાખું.

તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે
MIDCAP - MULTI BAGGER ટીપ્સ
માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on
www.theeagleinvestor.co.in

# ટ્રેન્ડ ઈઝ યોર ફ્રેન્ડ

**ટ્રેડર્સ માટે ટેકનીકલ એનાલીસીસ**



સંજય લાડ
મો. ૯૮૨૦૯૨૦૫૩૦

**ટ્રેન્ડ ઈઝ યોર ફ્રેન્ડ**

ટ્રેન્ડ ઈઝ યોર ફ્રેન્ડ, એટલે કે રુખ તમારી મિત્ર છે, તે ખૂબ જ અગત્યની ટ્રેડીંગ ગાઈડલાઈન છે કારણ કે ટ્રેન્ડ લાંબા સમય સુધી ચાલતા હોય છે, રૂખને આધારેલીધેલી પોઝીશન, રૂખની વિરૂધ્ધની લીધેલી પોઝીશન અથવા તો મનનફાવે તેમ લીધેલી પોઝીશન કરતાં વધુ સફળતા અપાવે છે. તેજીમય બજારમાં રુખ અનુસાર ટ્રેડ કરવું તેનો અર્થ એ કે ઘટાડે ખરીદી કરવી, જયારે મંદીમય બજારમાં દરેક ઉછાળે વેચવાલી કરવી.



બાર ચાર્ટ ઉપર,દરેક લંબરૂપ રેખા દિવસોની, સપ્તાહની અથવા તો મહિનાઓની ઉંચી કે નીચી સપાટી દર્શાવતી હોય છે .ચાર્ટની સમસ્તરીય રેખા બંધનો સમય દર્શાવે છે. બાર ચાર્ટ પર રૂખ સાહેલાઈથી દર્શાવી શકાય છે. ઉર્ધ્વગતિ તરફી રૂખ તે ઉંચી નીચી સપાટી અને ઉંચી ઉંચી સપાટી વચ્ચેની હારમાળા જ છે.

અપટ્રેન્ડ લાઈન બજારની નીચેની સપાટીએ દોરવામાં આવે છે અને તે ટેકો પુરો પાડે છે. જયારે બજારની નિમ્ન રુખ એ મહત્તમ નીચી સપાટી અને નીચામાંનીચીં ઉંચી સપાટીની હારમાળા હોય છે. નિમ્ન રુખની રેખા ઉંચાઈ પર દોરવામાં આવે છે અને બજારને પ્રતિકારક સપાટી પુરી પાડે છે.

**નીચી સપાટી અને ઉંચી સપાટી વિરૂધ્ધ બંધ**

જયારે બે પોઈન્ટસ મળી રહે તેમ હોય ત્યારે જ ટ્રેન્ડલાઈન દોરવામાં આવે છે. જયાં વધારે સમય આ ટ્રેન્ડલાઈન સ્પર્શ કરે ત્યાં ટેકાની અથવા તો પ્રતિકારક સપાટીની સંભાવના વધારે રહેતી હોય ત્યાં સપોર્ટ અથવા રેજીસ્ટન્સ લાઈન બને છે.

અનુસંધાન પા.નં.૨ ઉપર

બજારના સમયે લાઈવ મેસેજ આપના મોબાઈલ પર
ફક્ત માસિક રૂ. ૧૦૦૦
એસએમએસ દ્વારા બજારની સલાહ મેળવો એક સાથે
ત્રિમાસિક ફી ભરનારને ૧૦ ટકા ડીસ્કાઉન્ટ વધુ
વિગત માટે : નરેન્દ્ર જોષી, મો.૯૮૨૫૦૬૫૩૮૭



# ખટ્ટા-મીઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૯૫૩૭૨૦૧૯૭૭

**નમસ્કાર મિત્રો,**

આવતા સપ્તાહે નીચે મુજબની ટ્રેડીંગ સ્ટ્રેટેજી રહેશે

(૧) **ફીન. ટેક. :-** ખરીદો સ્ટોપલોસ ૧૩૦૦ ટાર્ગેટ ૧૩૯૬-૧૪૪૮
(૨) **આઈડીએફસી :-** ખરીદો સ્ટોપલોસ ૧૬૦ ટાર્ગેટ ૧૯૦
(૩) **એમટીએનએલ :-** ખરીદો સ્ટોપલોસ ૫૩ ટાર્ગેટ ૭૬
(૪) **ટાટા પાવર :-** ખરીદો સ્ટોપલોસ ૧૨૨૨ ટાર્ગેટ ૧૩૦૦-૧૩૨૫
(૫) **ટીસીએસ :-** ખરીદો સ્ટોપલોસ ૭૫૬ ટાર્ગેટ ૮૦૦-૮૨૫-૮૪૦
(૬) **ઓપ્શન સ્ટ્રેટેજી :-** મહિનાની શરુઆતમાં ત્રણ ઓપ્શન સ્ટ્રેટેજી સુચવેલી તે હવે નફામાં અને તેમાં નફો બુક કરી લેવો.
(૭) **નિફ્ટી ફ્યુચર :-** ઘટાડે ૫૧૩૬ના સ્ટોપલોસથી લેણ કરી શકાય. ૫૪૦૨ પર બંધ આપતા તેજી વધારે પ્રબળ બને.

# આવતા અઠવાડીયામાં મંદીવાળાનો હાથ ઉપર રહેતો લાગે

શરદ કોટક

# ટેલિકોમ શેર ઓલ-ટાઈમ હાઈ ભાવ ક્રોસ કરશે

**(૧) સેન્સેક્સ :**

ગયા અંકમાં ઈવનિંગ હોજી સ્ટારનો ૧૭૫૩૬નો રેજીસ્ટન્સ લેવલ આપેલો અને ઈન્ડેક્ષ તેની ઉપર અઠવાડીક ચાર્ટ પર વોલ્યુમ પ્રાઈઝ ઓપોર્ચ્યુનિટી ઈન્ડિકેટરના બાય સિગ્નલ સાથે બંધ આપેલો છે. માટે ઘટાડે નીચેના લેવલો સુધી સીમિત રહેશે. હાલ પુરતો ૧૭૧૧૮નો સપોર્ટ લેવલ છે. જો તેની નીચે બંધ આપેતો આ બાય સિગ્નલ ખોટુ ગણાય અને ઈન્ડેક્ષ વધારે ઘટે.

**જાની બ્રધર્સ રિપોર્ટ**



નિશેષ એમ. જાની
મો.
૯૫૩૭૨૦૧૯૭૭

**સેન્સેક્ષ - નિફ્ટી ફ્યુચર, હેંગસેંગ, ફ્રુટસી અને ડાઉજોન્સનું એનાલિસીસ - સુધારો આગળ વધશે**

જ્યારે ઉપરની તરફ ૧૮૦૪૭૧, ૧૮૨૦૦ અને ૧૮૪૦૦ના અગત્યના પ્રોફીટ બુકિંગ કરવા માટેના લેવલો છે.

**(૨) નિફ્ટી ફ્યુચર :**

ગયા અંકમાં ઈવનિંગ હોજી સ્ટારનો ૫૨૪૫નો રેજીસ્ટન્સ લેવલ આપેલો. અને ઈન્ડેક્ષ તેની ઉપર અઠવાડીક ચાર્ટ પર વોલ્યુમ પ્રાઈજ ઓપોર્ચ્યુનિટી ઈન્ડિકેટરના બાય સિગ્નલ સાથે બંધ આપેલો છે. માટે ઘટાડે નીચેના લેવલો સુધી સીમિત રહેશે. હાલ પુરતો ૫૧૧૮નો સપોર્ટ છે તેની નીચે બંધ આપતા બાય સિગ્નલ ખોટુ ગણાય અને ઈન્ડેક્ષ વધારે ઘટે.

જ્યારે ઉપરની તરફ ઈન્વર્ટેડ હેડ એન્ડ સોલ્ડરની બ્રેક આઉટનાં પગલે ૫૪૦૨, ૫૫૦૧, ૫૬૦૦ સુધીનો ઉછાળો આવી શકે.

**(૩) હેંગ સેંગ :** ડેઈલી ચાર્ટ પર પીનન્ટ ફોરમેશન બ્રેક આઉટ આપેલું છે. મારા મતે ૨૦૦૦ પોઈન્ટનો ઉછાળો આવવો જોઈએ. અને ઈન્ડેક્ષ ૨૧૦૦૦ સુધી વધી શકે.

**(૪) ફ્રૂટસી :**

ડેઈલી ચાર્ટ પર હેડ એન્ડ સોલ્ડર અને પેઈનન્ટ ફોરમેશન બ્રેક આઉટ આપેલું છે. મારા મતે ૪૦૦ પોઈન્ટનો ઉછાળો આવવો જોઈએ અને તે ૫૬૦૦-૫૮૦૦ સુધી વધી શકે.

**(૫) ડાઉ જોન્સ :** ડેઈલી ચાર્ટ પર બ્રેક આઉટ આપેલું છે. મારા મતે ૫૦૦ થી ૬૦૦ પોઈન્ટનો ઉછાળો આવવો જોઈએ. અને તે ૧૦૭૦૦-૧૦૮૦૦ સુધી વધી શકે છે.

**લાંબાગાળા માટેની ડિલેવરી પીક :** આ લેખમાં હું ટેલિકોમ ક્ષેત્રની બે દિગ્ગજ કંપનીના શેર ઈલિયોટ વેવ આધારિત લાંબાગાળાના બ્રેક આઉટ ઉપર ખરીદવાની ભલામણ કરું છું.

**(૧) રિલાયન્સ કોમ્યુનિકેશન :** જ્યારે આ શેર માસિક ચાર્ટ પર ૨૩૦ની ઉપર બંધ આપે ત્યારે લાંબાગાળાના ઈન્વેસ્ટરો ખરીદી કરો. ૨૦૦ પર માસિક બંધ આપતા નવો વેવ સ્ટ્રક્ચર શરુ થાય અને તે શેરનો ટાર્ગેટ ૫૪૦-૮૦૦ અને ૯૫૦ નો આવે.

તો લાંબાગાળાના ઈન્વેસ્ટરો ત્યારે બાય કરો જ્યારે કોઈપણ મહિનાની છેલ્લી તારીખે આ સ્ટોક ૨૩૦ પર બંધ આપે ત્યારે.

**(૨) ભારતી એરટેલ :**

જ્યારે આ શેર માસિક ચાર્ટ પર ૩૫૦ની ઉપર બંધ આપે ત્યારે પાંચમો વેવ શરુ થાય અને શેર ૪૫૦-૫૫૦નું લેવલ બતાવે.

તો લાંબાગાળાના ઈન્વેસ્ટરો ત્યારે બાય કરો જ્યારે કોઈપણ મહિનાની છેલ્લી તારીખે આ સ્ટોક ૩૫૦ પર બંધ આપે ત્યારે.

**લાંબાગાળાનું રોકાણ છુટું કરો એજ્યુકોમ :**

૨૦૦૬થી ૨૦૦૮ના સમય દરમ્યાન વેવ સ્ટ્રક્ચર પર ૫ વેવ પુરા કરી દીધા છે. અને હાલમાં એ-બી-સી ફ્લેટ કરેક્શનમાં છે.

**આવતા સપ્તાહના લેખમાં સેઈલ અને રિલાયન્સ ઈન્ડ. ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સુપર સાઈકલ ડિગ્રી આધારિત એનાલિસીસ**

પહેલો વેવ ૩૦ થી ૯૪
બીજો વેવ ૯૪ થી ૫૪
ત્રીજો વેવ ૫૪ થી ૧૬૪
ચોથો વેવ ૧૬૪ થી ૧૧૭
પાંચમો વેવ ૧૧૭ થી ૧૧૩૬
હવે એ-બી-સી ફ્લેટ કરેક્શન
વેવ-એ ૧૧૩૬ થી ૨૬૮
વેવ-બી ૨૬૮ થી ૧૦૧૯
વેવ-સી ૧૦૧૯ થી ૨૬૮૧૧૩૦

વેવ સ્ટ્રક્ચરના આધારે લાંબાગાળાના રોકાણકારો રોકાણ છુટું કરો અને ટેલિકોમ ક્ષેત્રના દિગ્ગજ શેરમાં બ્રેક આઉટ પર રોકાણ કરો.

# નિફ્ટી રેન્જની બહાર હવે જૂન એક્ષપાયરીના અંત સુધી ૫૧૫૦-૫૨૦૦ ટકાવી રાખશે

વાંચક મિત્રો,
નિફ્ટી નમસ્કાર,

મિત્રો નિફ્ટી મારી રેન્જની બહાર ગઈ છે જે મેં તમને આગળ જણાવેલ ૪૯૫૦-૫૧૫૦ હતી હવે શું બજારમાં ટ્રેન્ડ રિવર્સલ આવી જશેતો હું તમને કહીશ હજુ બજારને સમય આપો બજાર એક કરેક્શન પછી આવા ઉછાળા આપે પરંતુ આપણે એને કરેક્ટીવ રેલી કહીશું હાલ તો એક્ષપાયરી સુધી બજાર ૫૧૫૦-૫૨૦૦ ના ઝોનમાં રહે તેમ લાગી રહ્યું છે. ઘટાડે ખરીદારી કરો.

**DHAN WIN- "WINNER'S CHOICE"**



હિમાંશુ જાની
મો.
૯૩૭૬૯૨૫૯૩૨
email: dhanwinvestnents@gmail.com
WWW.DHANWIN.COM

**ટ્રેડરની મુંઝવણ ?? નિફ્ટી ચાર ૪૯૦૦ની નીચે ના જવી જોઈએ આ કેમ ૪૭૮૦ સુધી ગઈ !! અરે નિફ્ટી ૫૨૦૦ ઉપર ના જાય અરે આ કેમ ૫૩૦૦ સુધી ખેંચી ગયા ?**

પણ સાહેબ શું ઘટાડે ખરીદવાનું આ એક પ્રશ્ન છે તો મિત્રો બજાર અત્યારે સ્ટોક સ્પેશિફીક મુવમેન્ટ આપી રહ્યું છે. કેપીટલ ગુડ્ઝમાં એલ ટી અને ઓટોમાં ટાટા મોટર્સ અને એમ એન્ડ એમ તો પછી ફાર્મામાં બાયોકોન અને સીપ્લા કે પછી ઓઈલ અને ગેસમાં રિલાયન્સ અને કેઈર્ન ઈન્ડિયા આ બધા સ્ટોક્સ આપને ટ્રેડીંગ માટેના પસંદગીના છે આ સ્ટોક્સ ઉપર અને નીચે એટલે તેજી કે મંદી બંને સાઈડ તમને રમવા મળી શકે છે જો તમે તે ધ્યાનપૂર્વક ફોલો કરતા હોય તો બાકી રોકડાના શેર્સમાં ખાસ કરીને મિત્રો હું કહેતો આવ્યો કન્ઝયુમર ડ્યુરેબલ એટલે જેને કન્ઝુમર જોડે સીધો સંબંધ છે એવા શેર્સમાં તો બહુ જ સારી તેજી છે જેમ કે હીટાચી હોમ, વીઆઈપી ઈન્ડ., ઈમામી, ક્રોમ્પટન ગ્રિવ્સ, બાટા ઈન્ડિયા, સીન્ટેક્ષ, ઝાયડસ વેલનેસ મિત્રો લિસ્ટ ઘણું મોટું છે આ શેર્સમાં તમે હજુ પણ ઘટાડે ખરીદો ઈન્ડિયાની ખરી ગ્રોથ સ્ટોરી આ કન્ઝયુમર ડ્યુરેબલમાં છે.

**બેંકિંગ સ્ટોક્સમાં ઉછાળે પ્રોફીટ બુક કરો, પીએસયુ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ આ સેક્ટરમાં ઈન્ડિયાની ગ્રોથ સ્ટોરી છે ત્યાં ઘટાડે ખરીદારી કરો**

એક વાંચક મિત્રનો ફોન આવ્યો કે ભાઈ તું તો મંદીનો ખેલાડી છે આ તો તેજી આવી ગઈ. હવે તુ શું કરીશ તો મેં એ સાહેબને કીધું સાહેબ હું તેજી કે મંદીનો નહીં પરંતુ શેર બજાર નો ખેલાડી છું મને જે મારો ચાર્ટ કહે છે તે બોલું હવે આમાં સાહેબ શેર બજારની જોડે આર્ગ્યુમેન્ટ કરવા ના જવાય. મારે તમને ખાસ કહેવું કે દરેક ટ્રેડરની મુંઝવણ હોય છે **નિફ્ટી સાહેબ બોલો ૪૯૦૦ની નીચે ના જવી જોઈએ અરે આ કેમ ૪૭૮૦ સુધી મારી ગયા ! અરે નિફ્ટી હું કહું છું ને ૫૨૦૦ ઉપર ના જાય અરે આ કેમ ૫૩૦૦ સુધી ખેંચી ગયા.**

તો મિત્રો તમારા ને મારા કહેવાથી બજાર નથી ચાલવાનું. આપણે બજારની જોડે ચાલવાનું છે તો પછી બસ ટ્રેન્ડ ફોલો કરો ને ભાઈ. શું કરવા આપણે આપણા જજમેન્ટ લેવાના અને કહેવાનું આવું ના થવું જોઈએ અને થયું તો આપણે એને સ્વીકારવું જ પડે ને સાહેબ. બાકી જેને ટ્રેડીંગ જ કરવું છે અને ફ્યુચર્સમાં રમવું છે આ રહ્યા લેવલ એને ફોલો કરો તમે બજારની જોડે રહેશો તમને એવું નહીં લાગે કે હું વેચવામાં રહી ગયો કે યાર અહીંયાથી ખરીદી હોત તો સારુ થાત.

## TRADING LEVEL - 19 - June - 2010

| Sr_ No | Scrip Name | Close Price | Trade Type | Price Range | Tgt 1 | Tgt 2 | Tgt 3 | Stop Loss |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | NIFTY | 5262 | BUY | 5180-5200 | 5235 | 5260 | 5310 | 5155 |
| 2 | NIFTY | 5262 | SELL BELOW | 5245 | 5220 | 5200 | 5180 | 5280 |
| 3 | BANK NIFTY | 9576 | BUY | 9280-9340 | 9400 | 9450 | 9500 | 9100 |
| 4 | BANK NIFTY | 9576 | SELL | 9520-9600 | 9480 | 9430 | 9380 | 9650 |
| 5 | ACC | 862 | BUY | 852-860 | 868 | 872 | 880 | 844 |
| 6 | AXIS BANK | 1210 | BUY | 1165-1180 | 1210 | 1230 | 1245 | 1148 |
| 7 | BANK OF BARODA | 704 | SELL | 718-724 | 710 | 704 | 698 | 730 |
| 8 | BEL | 1790 | BUY | 1735-1750 | 1770 | 1790 | 1810 | 1720 |
| 9 | BHARTI AIR TEL | 264 | BUY | 262-265 | 268 | 271 | 275 | 258 |
| 10 | BIOCON | 310 | BUY | 298-301 | 305 | 308 | 311 | 295 |
| 11 | CANARA BANK | 416 | SELL | 415-420 | 410 | 405 | 398 | 424 |
| 12 | CHENNAI PETRO | 244 | BUY | 242-245 | 248 | 252 | 255 | 239 |
| 13 | DR REDDY | 1421 | SELL BELOW | 1407 | 1394 | 1380 | 1365 | 1420 |
| 14 | GE SHIPPING | 298 | BUY | 293-296 | 299 | 301 | 305 | 289 |
| 15 | HDFC BANK | 1991 | SELL BELOW | 1980 | 1960 | 1935 | 1920 | 1998 |
| 16 | HINDALCO | 145 | BUY ABOVE | 147 | 149 | 152 | 155 | 144 |
| 17 | ICICI BANK | 869 | SELL | 874-880 | 868 | 854 | 840 | 888 |
| 18 | ITC | 294 | SELL BELOW | 291 | 288 | 285 | 281 | 295 |
| 19 | M&M | 619 | SELL | 624-630 | 618 | 612 | 606 | 636 |
| 20 | RAYMOND | 205 | BUY | 203-205 | 208 | 211 | 215 | 198 |
| 21 | REL CAP | 734 | BUY | 698-704 | 712 | 720 | 728 | 690 |
| 22 | RIL | 1054 | BUY | 1020-1035 | 1045 | 1054 | 1064 | 1010 |

# બજારો એફ એન્ડ ઓ ની એક્ષપાયરીને કારણે વોલેટાઈલ રહેશે

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૭૫૭૦.૮૦) અને નિફ્ટી (૫૨૬૨.૬૦) બંન્ને ૩.૦ ટકા અને ૨.૦૮ ટકા વધીને બંધ આવ્યા હતા. નિફ્ટી ફ્યુચર જૂન ૧.૪૫ પોઈન્ટના ડીસ્કાઉન્ટ માં હતો. નિફ્ટી જૂન ૫૩૦૦ ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

**બુલેટ**



નરેન્દ્ર નયનાની
મો.
૯૮૯૮૧૬૨૭૭૦
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૭૨૦૦ **તથા રેજીસ્ટન્સ** ૧૭૮૪૦ જ્યારે **નિફ્ટીમાં સપોર્ટ** ૫૧૬૦ અને **રેજીસ્ટન્સ** ૫૩૩૫ નો છે.

માર્કેટના સેન્ટીમેન્ટને ક્વાર્ટર એકના કંપનીઓના એડવાન્સ ટેક્ષનો સપોર્ટ મળ્યો હતો. યુ. એસ. ફેડરલ રિઝર્વ પોલીસીની મિટીંગ તા. ૨૨ અને ૨૩ જૂન ૨૦૧૦ના રોજ મળશે.

આરઆઈએલ અને આર. કોમ.ના ઓપન ઈન્ટરેસ્ટમાં જૂન સિરીઝમાં રસ જોવાયો હતો. આરઆઈએલ ના જૂન ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૧૧૦૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. આરએનઆરએલ માં કોલ ઓપ્શનમાં જૂન માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૭૦ પણ જોવા મળેલ છે.

**ફ્યુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. એસબીઆઈ (૨૩૭૨.૫૦)**

લોટ સાઈઝ ૧૩૨ શેર

- જૂન માસના સ્ટ્રાઈક ભાવ ૨૩૫૦ થી ૩૨.૦૦ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.
- જૂન માસના ૨૪૦૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૧૦.૦૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૩૨.૦૦ ★ ૧૩૨= ૪૨૨૪.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૧૦.૦૦ ★૧૩૨ = ૧૩૨૦.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૪૨૨૪.૦૦ - ૧૩૨૦.૦૦ = ૨૯૦૪.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૨૪૦૦ - ૨૩૫૦ = ૫૦ ★ ૧૩૨ = ૬૬૦૦ - ૨૯૦૪.૦૦ = ૩૬૯૬.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૨૯૦૪.૦૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** : = ૨૩૭૨.૦૦

**૨. આઈડીએફસી (૧૬૯.૧૦)** : જૂન માસ ફ્યુચર લોટ સાઈઝ ૨૯૫૦ શેર

- રૂ. ૧૬૯.૧૦ ના ભાવથી જૂન માસ ફ્યુચરનો એક લોટ ખરીદો.
- **વેચો એક કોલ ઓપ્શન** : જૂન માસ સ્ટ્રાઈક ભાવ ૧૭૦ થી રૂ. ૨.૨૫ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** := ૨.૨૫ ★૨૯૫૦ = ૬૬૩૭.૫૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૧૭૦ - ૧૬૯.૦૦ = ૦.૯૦ ★ ૨૯૫૦ = ૨૬૫૫ + ૬૬૩૭.૫૦ = ૯૨૯૨.૫૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. ફાઈનાન્સ ટેક.** (૧૩૪૫.૦૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. સન ફાર્મા** (૧૭૧૩.૩૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**ટેક. એના. પા.નં.૧ નું ચાલુ**

જયારે કેટલાક ચાર્ટીસ્ટ ટ્રેન્ડલાઈન નીચી સપાટી અને ઉંચી સપાટી સુધી દોરે છે ત્યારે, કેટલાક રૂખમાં થયેલ ફેરફારને વધુ ઝડપથી પામવા માટે બંધ ભાવ સુધી ટ્રેન્ડલાઈન દોરતા હોય છે.

ટ્રેન્ડલાઈનમાં એન્ગલ બદલાઈ શકે ત્યારે નવી ઉંચી સપાટી અને નીચી સપાટી વચ્ચે બીજી લાઈન દોરવાની જરૂર પડે છે.

ૠજે ટ્રેન્ડ લાઈન ૪૫° એન્ગલમાં હોય તે વધુ ભરોસાપાત્ર ટ્રેન્ડલાઈન છે. બે પોઈન્ટને જોડવામાં ચાર સપ્તાહ કરતાં વધારે સમય થયો હોય તો આ ટ્રેન્ડલાઈનની પ્રમાણભૂતતા વધી જાય છે.

કયારેક સામાન્ય ઉર્ધ્વગતિ અથવા તો નિમ્નગતિ આ રીતે ટ્રેન્ડ જોવાની શરુઆત કરનારને ગુંચવાડામાં મુકી દેતી હોય છે. એવું લાગે છે કે બજાર ચારે બાજુ બદલાય છે. જો કે શાર્પ ચાર્ટીસ્ટ આ સામાન્ય રૂખ જોઈ શકે છે અને મોટા તરંગોમાં એક નાનો અવાજ પણ પારખી શકે છે. એક વાત યાદ રાખો, જો ટ્રેન્ડ લાઈન તૂટેલી ન હોય તો ટ્રેન્ડ સાબૂત રહેશે. ટ્રેન્ડલાઈન બહારના બે બંધ રૂખમાં બદલાવ શોધવા માટેનો ક્રાઈટેરિયા છે. જો કે, ભાગ્યેજ બજાર સીધેસીધું ઉર્ધ્વગતિમાંથી નિમ્નગતિ તરફ જાય છે. ગતિના અંત પછી, ટ્રેડર્સ ઓછા ઉત્સાહી રહે છે અને ભાવો પણ સાઈડવે પેટર્નમાં ઝૂલવા માંડે છે અથવા તો મજબૂતાઈ કેળવતા હોય છે.

ઘણી વખત, બજાર સાઈડવે પેટર્નમાં અથવા તો મજબૂતાઈના સમયમાં અપટ્રેન્ડ અથવા તો ડાઉનટ્રેન્ડમાં પ્રવેશતું હોય છે. એક સામાન્ય નિયમ મુજબ, લાંબામાં લાંબો અને મજબૂતાઈનો સમય બ્રેકઆઉટ પછીની જોરદાર તેજીમયતા દર્શાવે છે.

કારણ કે ટ્રેડર્સને એ બાબતે સંમત થતાં સમય લાગે છે કે તેઓએ તેમના પૈસા બજારમાં મૂકી દીધેલ છે. ગતિના તળિયે સાઈડવે પેટર્ન મોટા ભાગે ઉદ્ભવતી હોય છે. જયારે ડાઉનટ્રેન્ડ શરુઆત તિવ્રતાથી થાય છે ત્યારે એકાએક રોકાણકારો બજારમાંથી પૈસા ખેંચી લેતા હોય છે.

# આંતરરાષ્ટ્રીય સોનાના ભાવ નવી ઊંચાઈ પર સ્થાનિક બજારમાં કરન્સીની મુવમેન્ટથી દબાણ હેઠળ

ગયા સપ્તાહમાં આંતરરાષ્ટ્રીય સોનામાં રેકોર્ડ ઊંચાઈ પર ભાવ જોવા મળ્યા. ટેકનીકલી ૧૨૫૦ ડોલરને પાર કરતા બુલિશ સેન્ટીમેન્ટ જોવા મળ્યું. ભાવ ૧૨૬૧ ડોલર સુધીના જોવા મળ્યા. આંતરરાષ્ટ્રીય સોનામાં નવું બાયિંગ છે. સ્થાનિક માર્કેટમાં કરન્સી મજબૂત થતાં પ્રમાણમાં ભાવમાં દબાણ હતું અને નવી રેકોર્ડ ઊંચાઈથી નીચેના ભાવ રહ્યા હતા. સાથે ચાંદીમાં પણ વધારો જોવા મળ્યો. આંતરરાષ્ટ્રીય ચાંદીમાં પણ ૧૯ ડોલરનો ભાવ પાર કરી ગયા. એમસીએક્ષ ચાંદીમાં ૩૦૦૦૦ ને ટેસ્ટ કરી સાપ્તાહિક ઊંચાઈ પર બંધ જોવા મળી. પ્રમાણમાં બેઝ મેટલમાં ઘટાડો જોવા મળ્યો.

**હોટ કોમોડીટીઝ**



પ્રતિક સોની
મો.
૯૫૩૭૨૦૧૯૭૭

**ક્રૂડનો કયાસ :** આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલમાં ૭૮.૨૦ ડોલરનું રેજીસ્ટન્સ લેવલ છે. જો તેની ઉપર જાય તો આગળ ૮૦ ડોલર સુધીનો વધારો જોવા મળે. નીચેમાં ૭૩.૫૦ ડોલરનો સપોર્ટ ધ્યાનમાં લેવાય. એમસીએક્ષ જુલાઈ વાયદામાં ૩૬૩૨નું લેવલ મહત્ત્વનું છે. તેની ઉપર જતા ૩૬૭૨ થી ૩૭૦૫ નું લેવલ આવી શકે. જ્યાં નીચેમાં ૩૫૮૦ તુટતા નીચે ૩૫૪૦ થી ૩૫૦૫ નો ભાવ જોવા મળે. નીચેમાં ૩૪૭૮ પર સપોર્ટ લેવલ જણાય.

**તાંબામાં ટેકનીકલ લેવલ :** એમસીએક્ષ કોપરમાં નીચેમાં ૨૯૧નું લેવલ પર ધ્યાન આપવું. જો તુટે તો નીચેમાં વધુ ઘટાડો ૨૮૭ થી ૨૮૧ સુધીનો વધારો જોવા મળે. જો ૨૯૧ ઉપર ટકી જાય તો થોડું બાઉન્સ બેક જોવા મળે. જ્યાં ભાવ ફરી ૨૯૬ થી ૩૦૨નું લેવલ ટેસ્ટ કરે ઉપરમાં ફરી વેચીને વેપાર કરાય.

**સોનાની સ્ટ્રેટેજી :** આંતરરાષ્ટ્રીય સોનામાં ઉપરમાં ૧૨૪૫ ડોલરથી ૧૨૮૫ ડોલરની રેન્જ ખૂલી છે હવે નીચેમાં ૧૨૪૫ ડોલરના સપોર્ટથી ૧૨૮૫ ડોલરનો ભાવ જોવા મળે. જ્યાં ૧૨૮૯ ડોલર આસપાસ અટકે, તેની ઉપર ટકે તો ૧૩૦૦ ડોલરનો ભાવ પણ દર્શાવે. એમસીએક્ષ સોનામાં ૧૯૦૦૦ થી ૧૯૧૨૦ થી ૧૯૩૨૦ પણ ભાવ જોવા મળે. નીચેમાં ૧૮૭૦૦ નો સપોર્ટ ધ્યાનમાં લેવો. હાલ પુરતું આંતરરાષ્ટ્રીય સોનામાં તેજી તરફી રુખ છે જ્યાં સ્થાનિક બજારમાં રૂપિયાની મજબૂતાઈથી ભાવ દબાણ હેઠળ રહ્યા છે.

**ચાંદીની ચાલ :** આંતરરાષ્ટ્રીય ચાંદીમાં ૧૯.૫૦ થી ૧૯.૯૦ ડોલર સુધીના ભાવ આગામી સમયમાં ટેસ્ટ કરે. નીચેમાં ૧૮.૬૦ ડોલરનો પ્રથમ સપોર્ટ લેવલ છે. એમસીએક્સ ચાંદીમાં ૩૦૦૦૦ના ભાવ જોવા મળ્યા બાદ આગળ વધતા ૩૦૧૬૦ થી ઉપર જતા ૩૦૪૩૦ નો ભાવ જોવા મળી શકે. નીચેમાં ૨૯૦૦૦નો મહત્ત્વનો સપોર્ટ લેવલ છે. ટૂંકાગાળામાં ૨૯૦૦૦ થી ૩૧૦૦૦ની રેન્જ ધ્યાનમાં લેવી.

**યશ મેનેજમેન્ટ, બીએસઈ કોડ ૫૧૧૬૦૧, હાલનો ભાવ રૂ.૯.૪૯**

નેનો ટેક્નોલોજી ક્ષેત્રે દિવસે અને દિવસે હરણફાળ પ્રગતિ કરતી આ કંપની આવનાર દિવસો અને વર્ષોમાં અણધારેલી સફળતા દર્શાવશે અને આ કંપનીમાં હાલના ભાવે કરેલ લાંબા ગાળાનું રોકાણ ઉમદા વળતર આપી શકે છે.

જાહેરાત

યશ મેનેજમેન્ટ એટલે નેનો ટેક્નોલોજી ક્ષેત્રે છૂપાયેલો હીરો

# શેર બજારમાં નવી તેજી માટે નિફ્ટીએ ૨૪ જૂન સુધીમાં ૫૩૧૫ બંધ આપવો ખૂબ જ જરૂરી

મિત્રો, જય સાંઈરામ,

વૈશ્વિક બજારોના હકારાત્મક સંકેતો, યુરોમાં નીચેની સપાટીથી આવેલા આકર્ષક સુધારો, ફિચ દ્વારા ભારતની કરન્સીનું રેટિંગ સુધારીને નેગેટિવમાંથી સ્થિરતાનું કરવામાં આવતા અને અંબાણી

## રોકિંગ ટીપ્સ મેકર્સ



આશિષ નાયક
મો. ૯૩૭૬૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫
rosenayak.1984@yahoo.com

ચર્ચાતી કંપનીઓમાં પણ સટ્ટાકીય વૃત્તિ પાછલા કેટલાક દિવસોથી જોવા મળી રહી છે. રોકાણકારો એ સટ્ટાકીય વૃત્તિથી પ્રેરાઈને રોકાણ કરવું અતિ જોખમકારક નીવડી શકે છે.

આગામી સપ્તાહે બજારની શરુઆત સામાન્ય નકારાત્મક આંકથી થઈ શકે છે. જ્યારે મધ્ય સેશનમાં સુધારો જોવા મળે. જો નિફ્ટી સપ્તાહના મધ્યમાં ૫૧૯૧ ના મજબૂત ટેકાને તોડી તેની અંદર બંધ આપે તો નવા શરુ થતાં ફ્યુચર માસ દરમ્યાન બજાર ગમે ત્યારે નવું બોટમ બનાવી શકે છે. બજારમાં નવી તેજી માટે નિફ્ટી એ ૨૪ જૂન પહેલાં ૫૩૧૫ ઉપર બંધ

### ગત સપ્તાહની ભલામણોનું તોફાની પ્રદર્શન

| સ્ટોક | રિટર્ન | સમય |
|---|---|---|
| એચડીઆઈએલ (૨૩૮ થી ૨૩૦) | ૩.૩૬ ટકા ઉપર | માત્ર ૧ દિવસમાં |

**નોંધ :** ગત સપ્તાહે આવેલા રિયાલ્ટી શેરોના ઉછાળા આગામી સમયમાં છેતરામણા સાબિત થશે. ફ્યુચરના ખેલાડીઓ બજારની રુખ જોઈ ચુસ્ત સ્ટોપલોસથી વેચાણ જાળવી રાખવું.

| | | |
|---|---|---|
| મિર્ઝા (૧૪ થી ૧૫) | ૭.૧૪ ટકા ઉપર | માત્ર ૨ જ દિવસમાં |

**નોંધ :** ત્રિમાસિક પોર્ટફોલિયોમાં રાખી શકાય તેવો સ્ટોક, ગમે ત્યારે મોટો ઉછાળો બતાવી શકે છે. બજારની પરવા કર્યા વિના રોકાણ જાળવી રાખવું.

| | | |
|---|---|---|
| ગ્રીમેક ઈન્ફ્રા. (૨૬.૫૫ થી ૨૯.૫૫) | ૧૧.૨૯ ટકા ઉપર | માત્ર ૨ જ દિવસમાં |

**નોંધ :** લાંબાગાળાના રોકાણકારોએ રોકાણ જાળવી રાખવું. ટૂંકાગાળાના રોકાણકારોએ ૨૦ ટકા નફો ઘરભેગો કરવો.

| | | |
|---|---|---|
| બેલ્લારી સ્ટીલ (૩.૬૫ થી ૩.૮૩) | ૪.૯૨ ટકા ઉપર | માત્ર ૧ જ દિવસમાં |

**નોંધ :** ટૂંકા અને લાંબાગાળાનું રોકાણ જાળવી રાખવું. આગામી સમયમાં સ્ટોક સતત બાયર સર્કિટોની પરંપરા રચે તેવું લાગી રહ્યું છે.

બંધુઓ વચ્ચે સંબંધો સુધર્યા હોવાના ઉત્સાહજનક અહેવાલો થકી ગત સપ્તાહે ભારતીય શેર બજારમાં સારી તેજી જોવા મળી હતી. ગત સપ્તાહે રિલાયન્સના શેરોમાં સટ્ટાકીય વૃત્તિથી સારો ઉછાળો જોવા મળ્યો હતો. ગત સપ્તાહે સેન્સેક્સમાં પાછલા સપ્તાહથી ૫૦૫.૮૭ પોઈન્ટ અને નિફ્ટીમાં ૧૪૩.૨૫ પોઈન્ટનો વધારો જોવા મળ્યો હતો. ગત સપ્તાહે સેન્સેક્સ ૧૭૫૭૦.૮૨ અને નિફ્ટી ૫૨૬૨.૬૦ ઉપર બંધ આપેલ છે.

અંબાણી બંધુઓ વચ્ચે થયેલ અણધાર્યા કરાર બાદ બંને ભાઈઓ પાછા એક થઈ ગયા હોવાના સંકેતોની રિલાયન્સ જૂથના શેરો પર સારી અસર જોવા મળી હતી. બંને ગ્રુપના શેરોમાં ગત સપ્તાહે અસરકારક સુધારો જોવા મળ્યો હતો. બંને ગ્રુપના સંયુક્ત કેપીટલાઈઝેશન રૂા. ૧૨,૮૦૦ કરોડથી વધીને રૂા.

| કંપનીનું નામ | છેલ્લો ભાવ | વધારો (રૂા.માં) | માર્કેટ કેપ (કરોડમાં) |
|---|---|---|---|
| રિલાયન્સ ઈન્ડ. | ૧૦૫૫.૨૫ | ૨૭.૩૫ | ૩૪૭૭૬૧ |
| આર. પાવર | ૧૬૯.૫૫ | ૧૧.૫૫ | ૪૦૨૪૨ |
| આર.કોમ. | ૧૮૪.૫૦ | ૯.૩૦ | ૩૬૯૪૬ |
| આર. ઈન્ફ્રા. | ૧૧૬૧.૯૫ | ૨૫.૩૫ | ૨૮૩૩૭ |
| આર.કેપ. | ૭૩૩.૯૫ | ૪૪.૨૫ | ૧૭૭૪૬ |
| આરએનઆરએલ | ૬૨.૭૫ | ૧૦.૨૫ | ૯૯૪૫ |
| આરઆઈઆઈએલ | ૧૦૦૫.૨૦ | ૨૩૮.૪૦ | ૧૩૬૨ |
| આર વર્કસ | ૨૦૭.૨૦ | ૨૩.૭૫ | ૯૩૮ |
| આર વર્લ્ડ | ૭૬.૦૫ | ૧૧.૫૫ | ૩૦૮ |

૪૮૩૫૮૫ લાખ કરોડની સપાટીને પણ વટાવી ગયું હતું.

રિલાયન્સ જૂથના શેરોમાં ભલે તોતિંગ ઉછાળો અને કેપિટલાઈઝેશન જોવા મળ્યું હોય પરંતુ સામાન્ય રોકાણકારો એ રિલાયન્સ પેકના શેરો અત્યારે ખરીદવામાં જાજો રસ દાખવ્યો નથી. તેનો સ્પષ્ટ ચિતાર શેરોના ગ્રોસ ડીલીવરી કામકાજની ટકાવારી આપે છે. બીએસઈમાં ૩૭.૦૨ ટકા અને એનએસઈમાં ૨૭.૨ ટકા ડીલીવરી ગ્રોસ સામાન્ય કામકાજ ગત સપ્તાહ દરમ્યાન નોંધાયું હતું. જ્યારે એનએસઈ ના સ્ટોક ફ્યુચરમાં પણ ઓપન ઈન્ટરેસ્ટમાં સપ્તાહ દરમ્યાન નજીવો વધારો જોવા મળ્યો હતો. તેથી એ કહેવું જરાય ખોટું નથી કે રિલાયન્સ પેકમાં અત્યારે રોકાણ કરતાં સટ્ટાકીય પ્રવૃત્તિ વધુ જોવા મળી રહી છે. એ જ રીતે ડીસઈન્વેસ્ટમેન્ટના લિસ્ટમાં

આપવો અનિવાર્ય છે. આગામી સપ્તાહે એફએમસીજી, ફાર્મા, સ્મોલકેપ, ફર્ટીલાઈઝર્સ અને લેધર પ્રોડક્ટસના શેરોમાં સારી તેજી જોવા મળી શકે છે. જ્યારે રિયાલ્ટી, મેટલ્સ, અને ટેલિકોમ

**જો ૫૩૧૫ ઉપર બંધ ન આપે તો ફરીથી લક્ષાંક ૪૮૦૦ થી ૪૫૦૦ ગણવો**

સ્ટોકમાં ઉછાળે વેચવાલીનો માહોલ જોવા મળે.

**આગામી સપ્તાહ માટે સેન્સેક્સનો ટેકો ૧૭૦૯૮ અને અવરોધ ૧૮૦૦૪ જ્યારે નિફ્ટીનો ટેકો ૫૧૯૧ અને અવરોધ ૫૩૧૫ છે.**

**સેન્સેક્સ (૧૭૫૭૦.૮૨) :** ૧૭૬૫૮ ઉપર ૧૭૭૯૦, ૧૭૮૯૮, ૧૮૦૦૪ અને ૧૮૧૨૨ જ્યારે ૧૭૪૬૪ નીચે ૧૭૩૫૬, ૧૭૨૨૪, ૧૭૦૯૮ અને ૧૬૯૩૬જોવા મળી શકે છે.

**નિફ્ટી (૫૨૬૨.૬૦) :** ૫૨૭૦ ઉપર ૫૨૯૬, ૫૩૧૫, ૫૩૪૧ અને ૫૩૬૯ જ્યારે ૫૨૪૫ નીચે, ૫૨૧૯, ૫૧૯૧, ૫૧૬૧ અને ૫૧૪૦ જોવા મળી શકે છે.

**ફ્યુચરના ખેલાડીઓ માટે**

**સેઈલ (૧૯૫.૫૦) :** ઉછાળે ૨૦૦ આસપાસ ૨૦૭ ના અવરોધ સાથે ૧૮૩ અને ૧૭૧ ના લક્ષાંકો માટે વેચાણ જાળવવું. ૧૮૩ નીચે બંધ આવતાં મોટો ઘટાડો જોવા મળી શકે છે. જ્યાં ૧૭૧ નો ભાવ બતાવી શકે છે. સપ્તાહના અંતે સ્ટોક ચાર્ટ ઉપર શેર રાઈઝીંગ વિડ્થ ઈન એ ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે. જે સ્ટોકમાં ડાઉન ટ્રેન્ડના સંકેતો આપે છે. સાપ્તાહિક ચાર્ટ ઉપર શેર સાયમેટ્રિકલ ટ્રાયેંગલ ઈન એ ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે. જે શેરમાં ટૂંકાગાળાની નબળાઈ બતાવે છે. માસિક ચાર્ટ ઉપર શેર રિકટેંગલ ઈન એ ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે. જ્યારે લાંબાગાળાના ચાર્ટ ઉપર શેર રિક્ટેંગલ ઈન એ અપટ્રેન્ડની રચના બનાવે છે. સપ્તાહના અંતે શેરમાં સામાન્ય ઘટાડો પોઝીટીવ ઓપન ઈન્ટરેસ્ટ ૯.૮૭ ટકા સાથે જોવા મળ્યો હગતો. મેટલ સેક્ટરમાં આગામી સપ્તાહે નબળાઈ જોવા મળી શકે છે. ટેકનીકલી ટુલ્સમાં આરએસઆઈ અને એમએસીડી પણ ઉછાળે વેચાણ જાળવવાના સંકેતો આપેછે. ટ્રેડરે ફ્યુચરમાં વેચાણ જાળવવું. જ્યારે દરેક તબક્કે નફો ઘર ભેગો કરવો.

**ટૂંકાથી લાંબાગાળાના રોકાણકારો માટે**

**મેરિકો (બીએસઈ કોડ ૫૩૧૬૪૨) (૧૧૩.૭૦) :** ઘટાડે ૧૧૦ આસપાસ ખરીદો. લક્ષાંક ૧૨૫ અને ૧૪૦ જો ૧૨૭ ઉપર બંધ આપે તો લક્ષાંક ૧૪૦ સ્ટોપલોસ ૧૦૪. મુંબઈ સ્થિત કંપની ૧૩ ઓક્ટોબર ૧૯૮૮ થી પર્સનલ કેરના વ્યવસાય સાથે સંકળાયેલ છે. કંપનીની મુખ્ય કામગીરી બ્રાન્ડેડ પર્સનલ કેર પ્રોડક્ટસ, એડીબલ ઓઈલ્સ, ફેબ્રીકેર અને પ્રોસેડ્સ ફુડસનું ઉત્પાદન કરી તેનું માર્કેટિંગ કરવાનું છે. કંપની પોતાની બ્રાન્ડ હેઠળ પેરાસુટ, સફોલા, મેરિકો હેર એન્ડ કેર ઓઈલ્સ, રિવાઈ અને સેલ જેવી પ્રચલિત બ્રાન્ડેડ વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ કરે છે. કંપનીના વાર્ષિક અને ત્રિમાસિક ગાળાના પરિણામો સારા આવેલ છે. કંપનીનો વર્તમાન પી.ઈ. રેશિયો ૨૯.૪૬ ટકા છે જે ઈન્ડસ્ટ્રીયલ પી.ઈ. રેશિયો ૨૯.૮૯ ટકા ની આસપાસ છે. કંપનીએ ચાલુ વર્ષના સમયગાળા માટે ૩.૮૬ ટકા ઈપીએસ દર્શાવેલ છે. કંપની દર ત્રિમાસિક ગાળે વાર્ષિક ધોરણે ૬૫.૫૦ ટકા ઉપર ડીવીડન્ડ નિયમિત પણે ચુકવે છે. કંપનીએ ૧૯૮૮ થી ૨૦૧૦ સુધી કોર્પોરેટ કક્ષાના ઘણા નામાંકિત એવોર્ડસ પણ જીતેલ છે જ્યારે કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડીરેક્ટર શ્રી હરીશ મરીવાલા ને છેલ્લે "એન્ત્રોરપ્રેન્યોરશીપ ઓફ ધ યર એવોર્ડ ૨૦૦૯" નો એવોર્ડસ મેન્યુફેક્ચરિંગ કક્ષામાં અપાયો હતો. ટેકનીકલી શેર અત્યારે કન્સોલીડેશનના તબકકામાંથી પસાર થઈ રહ્યો છે. માસિક ચાર્ટ ઉપર શેર બુલ ફલેગ ઈન એ અપટ્રેન્ડની રચના બનાવે છે. જે શેરમાં ગમે ત્યારે તેજીનો ચમકારો બતાવવાના સંકેતો આપે છે. છ માસિક ચાર્ટ ઉપર શેર એસેન્ડીંગ ટ્રાયેંગલ ઈન એ અપટ્રેન્ડની રચના બનાવે છે. મધ્યમથી લાંબાગાળાનુ રોકાણ મર્યાદીત માત્રામાં કરવું. ટૂંકાગાળાના રોકાણકારોએ દરેક ઉછાળે નફો ઘરભેગો કરવો.

**મેઘમણી ઓર્ગેનિક્સ (બીએસઈ કોડ ૫૩૨૮૬૫) (૧૬.૭૫) :** ઘટાડે ૧૬.૨૮ આસપાસ ખરીદો. લક્ષાંક ૨૨ અને ૨૯ જો ૨૨ ઉપર બંધ આપે તો લક્ષાંક ૨૯ સ્ટોપલોસ ૧૫.

અમદાવાદ સ્થિત કંપનીનો મુખ્ય વ્યવસાય પેસ્ટીસાઈડ્સ અને એગ્રો કેમિકલ્સનો છે. કંપની વર્તમાન પી.ઈ. રેશિયો ૬.૯૨ ટકા આસપાસ છે. જે ઈન્ડસ્ટ્રીયલ પી.ઈ. રેશિયો ૧૫.૩૮ ટકાથી નીચે છે. કંપનીના શેરની બુક વેલ્યુ ૨૦.૦૪ છે જે વર્તમાન ભાવ બેકવેલ્યુથી પણ નીચે છે. કંપની છેલ્લા બે વર્ષથી ૩૦ ટકા ઉપર ડિવિડન્ડ પણ ચૂકવે છે. કંપનીના વાર્ષિક અને ત્રિમાસિક ગાળાના પરિણામો સારા આવેલ છે. ટેકનીકલી શેરના ચાર્ટ પોઝીટીવ બંધારણ બનાવે છે. ગત સપ્તાહે શેરે ૫૦ દિવસ અને ૨૦૦ દિવસની સિમ્પલ મુવિંગ એવરેજને પાર કરી સુંદર બ્રેક આઉટ લક્ષી બંધ આપેલો છે. રોકાણકારો ત્રિમાસિક પોર્ટફોલિયોમાં પણ રાખી શકે છે. ટૂંકાગાળાના રોકાણકારોએ દરેક ઉછાળે તબક્કાવાર નફો ઘરભેગો કરવો.

## અઠવાડિક સપોર્ટ અને રેજીસ્ટન્ટ લેવલ



અનુરાગ ગુપ્તા
મો : ૦૯૨૫૫૧૯૧૬૪૩
Email : anuraghsr@yahoo.com

૨૧ જૂન થી ૨૬ જૂન ૨૦૧૦ સુધી

| SYMBOL | CLOSE | TREND | RES2 | RES1 | TREND LEVEL | SUPP1 | SUPP2 |
|---|---|---|---|---|---|---|---|
| NF JUNE FUTURE | 5261.15 | BULLISH | 5390.88 | 5326.02 | 5232.13 | 5167.27 | 5073.38 |
| ABB FUTURE | 864.95 | BULLISH | 878.28 | 871.62 | 863.83 | 857.17 | 849.38 |
| ACC FUTURE | 856.95 | BULLISH | 890.08 | 873.52 | 863.28 | 846.72 | 836.48 |
| BANKBARODA FUTURE | 691.95 | BEARISH | 740.42 | 716.18 | 703.17 | 678.93 | 665.92 |
| BEL FUTURE | 1788.90 | BULLISH | 1892.73 | 1840.82 | 1791.08 | 1739.17 | 1689.43 |
| BHEL FUTURE | 2418.40 | BULLISH | 2467.93 | 2443.17 | 2403.23 | 2378.47 | 2338.53 |
| BPCL FUTURE | 523.95 | BEARISH | 585.65 | 554.80 | 536.45 | 505.60 | 487.25 |
| CANBK FUTURE | 417.50 | BEARISH | 440.97 | 429.23 | 422.37 | 410.63 | 403.77 |
| CENTURYTEX FUTURE | 453.40 | BULLISH | 478.00 | 465.70 | 457.70 | 445.40 | 437.40 |
| CIPLA FUTURE | 338.50 | BULLISH | 351.60 | 345.05 | 337.65 | 331.10 | 323.70 |
| DABUR FUTURE | 186.90 | BEARISH | 198.73 | 192.82 | 188.98 | 183.07 | 179.23 |
| DLF FUTURE | 282.45 | BEARISH | 301.12 | 291.78 | 276.02 | 266.68 | 250.92 |
| DIVISLAB FUTURE | 765.45 | BULLISH | 808.98 | 787.22 | 751.73 | 729.97 | 694.48 |
| DRREDDY FUTURE | 1424.10 | BULLISH | 1628.30 | 1526.20 | 1338.00 | 1235.90 | 1047.70 |
| EDUCOMP FUTURE | 516.70 | BEARISH | 574.33 | 545.52 | 530.03 | 501.22 | 485.73 |
| GAIL FUTURE | 472.80 | BULLISH | 488.80 | 480.80 | 470.00 | 462.00 | 451.20 |
| GRASIM FUTURE | 1766.05 | BEARISH | 1870.02 | 1818.03 | 1789.02 | 1737.03 | 1708.02 |
| HCLTECH FUTURE | 388.75 | BULLISH | 411.12 | 399.93 | 385.52 | 374.33 | 359.92 |
| HDFC FUTURE | 2927.10 | BULLISH | 3030.37 | 2978.73 | 2893.37 | 2841.73 | 2756.37 |
| HDFCBANK FUTURE | 1989.90 | BULLISH | 2033.83 | 2011.87 | 1979.98 | 1958.02 | 1926.13 |
| HDIL FUTURE | 242.30 | BULLISH | 262.90 | 252.60 | 241.30 | 231.00 | 219.70 |
| HEROHONDA FUTURE | 2020.35 | BULLISH | 2070.12 | 2045.23 | 2010.12 | 1985.23 | 1950.12 |
| HINDUNILVR FUTURE | 257.35 | BULLISH | 269.82 | 263.58 | 256.42 | 250.18 | 243.02 |
| IDFC FUTURE | 168.90 | BULLISH | 175.33 | 172.12 | 166.28 | 163.07 | 157.23 |
| IDBI FUTURE | 116.75 | BULLISH | 121.32 | 119.03 | 117.07 | 114.78 | 112.82 |
| IFCI FUTURE | 54.00 | BEARISH | 57.87 | 55.93 | 54.67 | 52.73 | 51.47 |
| HINDPETRO FUTURE | 340.95 | BEARISH | 378.98 | 359.97 | 346.98 | 327.97 | 314.98 |
| ICICIBANK FUTURE | 865.80 | BULLISH | 909.97 | 887.88 | 862.57 | 840.48 | 815.17 |
| INDIACEM FUTURE | 113.65 | BULLISH | 116.58 | 115.12 | 113.58 | 112.12 | 110.58 |
| INFOSYSTCH FUTURE | 2781.30 | BULLISH | 2902.17 | 2841.73 | 2747.87 | 2687.43 | 2593.57 |
| IOC FUTURE | 335.00 | BEARISH | 363.03 | 349.02 | 337.58 | 323.57 | 312.13 |
| ITC FUTURE | 295.00 | BULLISH | 309.13 | 302.07 | 291.83 | 284.77 | 274.53 |
| IVRCLINFRA FUTURE | 181.75 | BULLISH | 190.25 | 186.00 | 182.35 | 178.10 | 174.45 |
| JSWSTEEL FUTURE | 1043.00 | BEARISH | 1098.53 | 1070.77 | 1052.93 | 1025.17 | 1007.33 |
